જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૦૯/૨૦૨૨ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૫૯૦/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૫/૦૯/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૨ | ૦ | ૧૪૨ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૬૯૫ | ૦ | ૧૦૦૬૯૫ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૪ | ૩,૧૧,૭૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૯૧/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૨૦૧ લીટર દેશી દારૂ, ૧૬૫ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૭૫૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૯૨/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૫૯૩/૨૦૨૨**

**વસ્ત્રાપુરઃ** લાલનુમૌવી ડો/ઓ કૌલરમથંગા તૌલટ (રહે. એલ.કે એપાર્ટમેન્ટ સ્ટર્લિંગ હોસ્પિટલ સામે ગુરૂકુળ રોડ વસ્ત્રાપુર) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૯/૨૦૨૨ સવારના ૧૧/૦૦ થી રાતના ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના, લેપટોપ, મોબાઇલ ફોન અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૪,૩૧,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એસ.રાજપૂત ચલાવે છે.

**નરોડાઃ** દીપાલીબહેન વા/ઓ કમલેશભાઈ પટેલ (રહે. નંદનવન બંગ્લોઝ મિલનપાર્ક સામે નરોડા દહેગામ રોડ નરોડા) એ તા.૦૫/૦૯/૨૦૨૨ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૯/૨૦૨૨ સાંજના ૫/૦૦ થી તા.૦૫/૦૯/૨૦૨૨ બપોરના ૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનની બારીની ગ્રીલ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧૧,૦૫,૦૦૦/- અને ૩૦૦ યુ.એસ.ડોલર ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.વાય.વ્યાસ ચલાવે છે.

**દાણીલીમડાઃ** રાજઅલી સ/ઓ હાજીમઅલી સૈયદ (રહે. અલ્ફા ફ્લેટ હિમાલયા બેકરી સામે ફેસલપાર્ક દાણીલીમડા) એ તા.૦૫/૦૯/૨૦૨૨ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૬/૨૦૨૨ રાતના ૮/૦૦ થી તા.૧૯/૦૬/૨૦૨૨ કલાક ૮/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન દાણીલીમડા નારોલ સર્કલ ખાતે આસોપાલવ હોટેલની બાજુમાં આવેલ થોમસ બેટરી નામની દુકાનના શટરનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી ટુ વ્હિલર બેટરી તથા ફોર વ્હિલર બેટરી અને અલગ-અલગ સ્ક્રેપની બેટરીનો ભંગાર મળી કુલ કિમત રૂપિયા ૧,૪૬,૫૪૪/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ઓ.ભરવાડ ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૯૪/૨૦૨૨**

**વાસણાઃ** રૂપલબહેન વા/ઓ વિમલભાઇ દોશી (ઉ.વ.૫૦) (રહે. નૈના નિવાસ એલ.ટી.રોડ બોરીવલ્લી વેસ્ટ મુંબઈ) તા.૦૩/૦૯/૨૦૨૨ કલાક ૬/૩૦ વાગ્યાના સુમારે વાસણા ગોદાવરી સોસાયટી નજીક જૈન દેરાસરના ગેટ પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ રૂપલબહેન દોશીના ગળામાંથી સોનાની ચેઈન પેડલ સાથે કિમત રૂપિયા ૫૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રૂપલબહેન દોશીએ તા.૦૫/૦૯/૨૦૨૨ ના રોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.આર.રાવળ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૫૯૫/૨૦૨૨**

**"એમ" ડીવી. ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** હંસરાજભાઇ રામકૃપાલ પ્રજાપતિ (ઉ.વ.૪૮) (રહે.GEES કંપનીના મકાનમાં, કિરણ મોટર્સની બાજુમાં, સરખેજ) તા.૦૫/૦૯/૨૦૨૨ સવારના ૫/૩૦ વાગ્યાના સુમારે સરખેજ સાણંદ સર્કલ થી શાંતીપુરા સર્કલ વચ્ચે આવેલ કિરણ મોટર્સ શો-રૂમ સામે રોડ ઉપર પોતાના મિત્ર રમેશભાઇ સાથે સાયકલ દોરીને ચાલતા હતા ત્યારે એક આઇસર ગાડી નંબર જીજે.૦૧.ડી.ઝેડ.૬૭૯૨ ના ચાલકે પુરઝડપે અને બેદરકારીથી આઇસર ગાડી ચલાવી લાવતા હંસરાજભાઇ અને રમેશભાઇ ને ટક્કર વાગતા બંનેને શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલ ખાતે લાવતા સારવાર દરમ્યાન સવારના ૬/૪૦ વાગે હંસરાજભાઇનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર હંસરાજભાઇના પુત્ર દિપકકુમાર હંસરાજભાઇ પ્રજાપતિએ "એમ" ડીવીઝન ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ ઇ.પો.ઇન્સ.શ્રી જી.કે.ભરવાડ ચલાવે છે.

**વિજ કરંટ લાગતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૫૯૬/૨૦૨૨**

**વાડજઃ** રેશ્માબહેન વા/ઓ હેંમતભાઇ વાલેરા (ઉ.વ.૩૮) (રહે. ખોડીયારમાતાની ચાલી નરસિંહનગરની બાજુમાં રામાપીરનો ટેકરો નવા વાડજ) તા.૦૫/૦૯/૨૦૨૨ સવારના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પાણીની ઇલેક્ટ્રીક મોટર ચાલુ કરવા જતા વિજ કરંટ લાગતા તેમનું મૃત્યુ નિપજયું હતું. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.બી.રાજપુત ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૫૯૭/૨૦૨૨**

**વાસણાઃ** નિતીનકુમાર રતિલાલ મકવાણા (ઉ.વ.૪૮) (રહે. ભાલેશ્વર સોસાયટી વિભાગ-૧ જીવરાજપાર્ક વાસણા) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૯/૨૦૨૨ બપોરના ૨/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતમાં લગાવેલ હુક સાથે પટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ગુલાબસિહ સવજીભાઇ ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** વિનય ઇન્દ્રકુમાર ખત્રી (ઉ.વ.૨૩) (રહે. મહાસુખનગર સોસાયટી નોબલ સ્કુલ પાસે કૃષ્ણનગર) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૯/૨૦૨૨ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગુલાબસિંહ દાનસિંહ ચલાવે છે.

**ઓઢવઃ** રેખાબહેન વા/ઓ કૃષ્ણકુમાર સરોજ (ઉ.વ.૨૭) (રહે. ગોપાલ પાર્ક યમુના પાર્ક સામે એસ.પી.રિંગરોડ ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૯/૨૦૨૨ બપોરના ૧/૦૦ થી ૨/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના રહેણાંક ખાતે છતની લોખંડની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ડી.ભટ્ટ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી